ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૪૫૮/૨૦૨૨, તા.૨૨/૦૮/૨૦૨૨

**વિગત** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૫/૦૮/૨૦૨૨ થી તા.૨૧/૦૮/૨૦૨૨** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૫:- વુધ્ધો મહીલા કે બાળકો ની સુરક્ષા માટેની કામગીરી:-**

(૧) તા.૨૦/૦૮/૨૦૨૨ રોજ પો.સ.ઈ. શ્રી એન.જે.રાવલ જન્માષ્ટમી મેળા બંદોબસ્તમાં હતા દરમ્યાન નાની બાળકી મેળામાં તેમના પરીવાર થી વીખુટી પડી ગયેલ હોય. જેથી તેમની પુછપરછ કરતા પોતાનુ નામ રેખા ઈકદાર જણાવેલ. જેથી તુરંત જ રાવટીએ લઈ જઈ એનાઉન્સમેન્ટ કરતા રાવટી ખાતે બાળકી રેખાબેનના પિતા આવતા તેઓની પુછપરછ કરી બાળકી રેખાબેનને સોંપેલ.

(૨) તા.૨૧/૦૮/૨૦૨૨ ના રોજ પો.સ.ઈ.શ્રી એન.જે.રાવલ જન્માષ્ટમી મેળા બંદોબસ્ત સુપરવિઝનમાં હતા દરમ્યાન પો.હેડ.કોન્સ. રવિ ઝાલાએ જાણ કરેલ કે એક વૃધ્ધને ચક્કર આવતા પડી ગયેલ અને મોટી સંખ્યામાં ભીડ થઈ ગયેલ છે. જેથી તુરંત સ્થળ પર પહોચી ભીડને કંન્ટ્રોલ કરી તાકીદે પોલીસની ગાડીમાં સારવારમાં લઈ જતા હતા. દરમ્યાન ૧૦૮ પણ આવી જતા વૃધ્ધને ૧૦૮ માં સુવડાવી ભીડ ને કંન્ટ્રોલ કરી વૃધ્ધને તાત્કાલીક હોસ્પીટલ ખાતે પહોચાડેલ.

(3) તા.૨૧/૦૮/૨૦૨૨ ના રોજ પો.સ.ઈ.શ્રી એમ.એલ.આહીર જન્માષ્ટમી મેળા બંદોબસ્ત સુપરવિઝનમાં હતા દરમ્યાન નાની બાળકી મેળામાં તેમના પરીવાર થી વીખુટી પડી ગયેલ હોય. જેથી મહીલા પોલીસ કર્મચારી દ્વારા બાળકીને પુછપરછ કરતા ધૃવી ચંદ્રેરશભાઈ જેબાર ઉ.વ.૦૯ જણાવેલ. તેમજ તેમના પરીવારના સભ્યો અંગે માહીતી તથા મોબાઈલ નંબર બાળકી પાસે થી મેળવી તેમના પરીવારના સભ્ય સાથે વાત કરી જાણ કરતા ધૃવીબેનના દાદા ધનજીભાઈ પ્રાગજીભાઈ જેબાર ધૃવીબેનને લેવા આવેલ. જેથી ધૃવીબેનને તેમના દાદા ને સોંપેલ.

જે આપશ્રીને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર